# જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠાની કચેરી

જિલ્લા સેવા સદન-૨, પ્રથમ માળ,

જોરાવર પેલેસ સંકુલ, પાલનપુર, ફોન નં. ૦૨૭૪૨/૨૫૩૭૬૫

E-MAIL:ddcw-sjed-ban@gujarat.gov.in


<u>ઘણો જરૂરી</u> નં.સકઅ/એન.એસ.પી./લઘુમતી શિષ્યવૃત્તિ/૨૦૧૮-૧૯/ ૧૦૭૬૨

સમયમર્યાદા તા.૨૯/૧૦/૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી

________________________________________.

મુ. __________________તા.________________,જિ. બનાસકાંઠા.

વિષય: ભારત સરકારની વર્ષ ૨૦૧૮-૧૯ની લઘુમતી વિદ્યાર્થીઓ માટેની પ્રિ.મેટ્રિક, પોસ્ટ મેટ્રિક, મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ શાળા/કોલેજ/સંસ્થામાં Pending તથા Fake Application ખોટી રીતે Verify થયાની વિગતો મોકલવા બાબત.

સંદર્ભ: માન. નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા., ગાંધીનગરનો તા.૨૬/૧૦/૨૦૧૮ પત્રક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૦૧૮-૧૯/૪૦૬૨ થી ૪૦૯૪

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ચાલુ વર્ષ- ૨૦૧૮-૧૯માં ભારત સરકારશ્રીની લઘુમતી વિદ્યાર્થીઓ માટેની પ્રિ.મેટ્રિક,પોસ્ટ મેટ્રિક, મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ માટે National Scholaraship Portalમાં ઉપરોક્ત ત્રણ યોજનાંમાં ફ્રેશ અને રીન્યુઅલ વિદ્યાર્થીઓ માટે તા.૨૩/૦૭/૨૦૧૮ના રોજ ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થયેલ જે પૈકી શાળા/કોલેજ/સંસ્થા દ્વારા વેરીફિકેશન થયેલ અરજીઓની Online ચકાસણી (State Level Verification) વડી કચેરી દ્વારા તા.૦૪/૦૯/૨૦૧૮ થી શરૂ કરવામાં આવેલ. આ વેરીફિકેશન પ્રક્રિયા દરમ્યાન વડી કચેરીના ધ્યાને ખોટી Invalid/Fake Application આવેલ છે, આ Fake અરજીઓનો વડી કચેરી દ્વારા યોગ્ય નિકાલ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૮-૧૯ માટે National Scholaraship Portalમાં ઉપરોક્ત ત્રણેય યોજનામાં Fake વિદ્યાર્થી દ્વારા અરજીઓ ઓનલાઈન Submit થયેલ છે. તથા તેને સંલગ્ન શૈક્ષણિક સંસ્થા દ્વારા તે Institute Level પર Verify થયેલ માલુમ પડે છે. આવી Fake અરજીઓ શોધવા તથા તેના નિકાલ માટે દરેક સંસ્થાઓએ તેમની શૈક્ષણિક સંસ્થામાં ખોટા ભરાયેલ અરજી ફોર્મ અને Institute Level પર શાળા/કોલેજ/સંસ્થાની જાણ બહાર Verify થયેલ Fake અરજીઓની નિયત નમુનાની Excel File માં Application ID, Institute Name જેવી વિગતો સાથે તાત્કાલિક રૂબરૂ તથા E-mailથી અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી છે.

જિલ્લા કક્ષાના Login માં ચકાસણી કરતાં પ્રિ.મેટ્રિક-ફ્રેશ-૫૧૩ અને રીન્યુઅલ-૬૫, પોસ્ટ મેટ્રિક-ફ્રેશ-૪૧૯ અને રીન્યુઅલ-૫૫, મેરીટ કમ મીન્સ-ફ્રેશ-૫૮ અને રીન્યુઅલ-૧૭ અરજીઓ શાળા/કોલેજ/સંસ્થામાં Pending રહેલ છે સરકારશ્રીની સૂચના મુજબ તા.૧૫/૧૧/૨૦૧૮ સુધીમાં એકપણ અરજી શાળા/કોલેજ/સંસ્થામાં Pending ન રહે તે રીતે Verify કરી મોકલી આપવા વિનંતી છે. તેમજ જે શાળા/કોલેજ/સંસ્થાઓ પાસે National Scholaraship Portalનો યુઝર આઈડી/પાસવર્ડ ન હોય તેવી

શાળા/કોલેજ/સંસ્થાઓએ સત્વરે જિલ્લા કચેરીનો રૂબરૂ સંપર્ક કરી યુઝર આઈડી/પાસવર્ડ મેળવી લેવા જો શાળા/કોલેજ/સંસ્થાઓના પોતાના લોગીનમાં પાત્રતા ધરાવતા વિદ્યાર્થીની એકપણ Application Pending રહેશે અને આવા વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહેશે તેની સઘળી જવાબદારી આપની શાળા/કોલેજ/સંસ્થાની રહેશે જેની સ્પષ્ટ અને ગંભીર નોંધ લેવી. તા.૧૫/૧૧/૨૦૧૮ Verify કરવાની છેલ્લી તારીખને ધ્યાને લીધા સિવાય તમામ Pending Application હાયર ઓથોરીટીને તુરંત જ ઓનલાઈન મોકલી આપવા પુન:વિનંતી છે.

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(વિ.જા.) બનાસકાંઠા, પાલનપુર

નકલ સવિનય રવાના: માન. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા., ગાંધીનગર

# જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠાની કચેરી

જિલ્લા સેવા સદન-૨, પ્રથમ માળ,
જોરાવર પેલેસ સંકુલ, પાલનપુર, ફોન નં. ૦૨૭૪૨/૨૫૩૭૬૫
E-MAIL:ddcw-sjed-ban@gujarat.gov.in

ઘણો જરૂરી
સમયમર્યાદા

નં.સકઅ/ઓનલાઈન પો.મે.શિ./પ્રમાણપત્ર/૨૦૧૮-૧૯/ ૨૦૦૭૦ થી ૨૦૪૭૦
તા.૩૦/૧૦/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી(તમામ સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ/નોન ગ્રાન્ટેડ ઉ.મા. શાળા/ કોલેજો તથા સરકારી આઈ.ટી.આઈ)

________________________________.

મુ. ____________તા.____________,જિ. બનાસકાંઠા.

વિષય: પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની પ્રપોઝલ્સ ઓનલાઈન ફોરવર્ડ કરવા બાબત.

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું આપશ્રીની શાળા/કોલેજ/ આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરતા સા.શૈ.પ.વ.,આ.પ.વ.,લઘુમતી તથા વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિના ઓનલાઈન ભરાયેલ ફોર્મ આપશ્રી કક્ષાએ મોટી સંખ્યામાં પડતર છે.

આપશ્રીની શાળા/કોલેજ/આઈ.ટી.આઈ. કક્ષાએ પડતર ઓનલાઈન શિષ્યવૃત્તિના ફોર્મમાં નીચેની બાબતોની ખરાઈ અને ચોકસાઈ કરીને જ ઓનલાઈન ફોર્મ છેલ્લી તા.૧૫/૧૧/૨૦૧૮ની રાહ જોયા વિના દિન-૨માં બિનચુક હાયરઓથોરીટીને (જિલ્લા કચેરીને) ફોરવર્ડ કરવા વિનંતી છે.

(૧) વિદ્યાર્થીએ એક કરતાં વધું યોજનામાં ઓનલાઈન ફોર્મ ભરેલ નથી ને તેની ખાસ ખરાઈ કરવી. જો એક કરતાં વધુ યોજનામાં ઓનલાઈન ફોર્મ ભરેલ હોય તો વિદ્યાર્થીને જે યોજના લાગુ પડતી હોય તે યોજનાનું ફોર્મ માન્ય રાખી અન્ય યોજનાઓનાં ફોર્મ શાળા/કોલેજ/આઈ.ટી.આઈ. કક્ષાએથી ડીલીટ/રીજેક્ટ કરવા.

(૨) વિદ્યાર્થીઓએ લાગું પડતી યોજનામાં ઓનલાઈન ફોર્મમાં ભરેલ વિગતો તથા અપલોડ કરેલ ડોક્યુમેન્ટ સાચા અને બરાબર છે કે કેમ? તેની કાળજી પૂર્વક અને ચોકસાઈપૂર્વક ખરાઈ કર્યા બાદ જ વિદ્યાર્થીનું ઓનલાઈન ફોર્મ હાયર ઓથોરીટીને (જિલ્લા કચેરીને) ફોરવર્ડ કરવું. જો વિદ્યાર્થીનું ઓનલાઈન ફોર્મ અધુરી વિગતે ભરેલ હોય કે પુરતા ડોક્યુમેન્ટ અપલોડ કરેલ ના હોય તો શાળા/કોલેજ/આઈ.ટી.આઈ. કક્ષાએથી ઓનલાઈન ફોર્મ વિદ્યાર્થીને તુરંત જ રીટર્ન (પરત) કરી ક્ષતિપૂર્તતા કરાવ્યા બાદ જ ઓનલાઈન ફોર્મ હાયર ઓથોરીટીને ફોરવર્ડ કરવું.

(૩) સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા વાર્ષિક રૂ.૨.૦૦ લાખ સુધીની આવકવાળા વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને BCK-325ની યોજનામાં જ ફોર્મ ભરાવવા ખાસ કાળજી લેવી. સેલ્ફ ફાઈનાન્સ કોલેજના ઉક્ત આવકમર્યાદામાં આવતા વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીએ અન્ય યોજનામાં ફોર્મ ભરેલ હોય તો તે ઓનલાઈન ફોર્મ રીજેક્ટ કરી નવેસરથી BCK-325ની યોજનામાં જ ફોર્મ ભરાવવું.

(૪) વિદ્યાર્થીએ ઓનલાઈન ફોર્મ ભરેલ હોય તે ફોર્મની બે હાર્ડકોપી મેળવી એક હાર્ડકોપી તથા નિયતનમુનાના ૧૬(સોળ)-કોલમના અંગ્રેજીપત્રકમાં વિદ્યાર્થીઓની માહિતી તૈયાર કરી પ્રમાણપત્રમાં આચાર્યશ્રીના સહી/સિક્કા કરી કોલેજના ફોરવર્ડીંગ લેટર સાથે યોજનાવાર અલગ અલગ દરખાસ્ત તૈયાર કરી ફાઈલ પર મોટા અક્ષરે શાળા/કોલેજ તથા આચાર્યશ્રી તેમજ શિષ્યવૃત્તિનું કામ કરતા કર્મચારીનું નામ તથા મોબાઈલ નંબર અને શાળા/કોલેજનું E-mail Address લખી શિષ્યવૃત્તિની ઓનલાઈન કામગીરી કરતા કર્મચારીને રૂબરૂ મોકલી

જિલ્લા કચેરીને તુરંત જ દરખાસ્ત રજૂ કરવી. ઓફલાઈન દરખાસ્ત રજૂ કરવામાં નહી આવે તો વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજૂર થશે નહિ જેની ખાસ નોંધ લેવી.

(૫) આપની શાળા/કોલેજમાં ચાલતા અભ્યાસક્રમની સરકારી ધારા-ધોરણ મુજબ વાર્ષિક શિક્ષણ ફી, પરીક્ષા ફી તથા અન્ય ફીના સ્ટ્રક્ચરની વિગતો ઓફલાઈન દરખાસ્ત સાથે બિનચૂક રજૂ કરવી અન્યથા વિદ્યાર્થીની ફી મંજૂર કરવામાં આવશે નહિ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(વિ.જા.) બનાસકાંઠા, પાલનપુર

નકલ સવિનય રવાના: માન. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા., ગાંધીનગર